# પારુલ ઈન્સ્ટિટ્યૂટમાં બે દિવસીય નેશનલ કોન્ફરન્સનો પ્રારંભ



પારુલ ઇન્સ્ટિટ્યૂટ ખાતે બે દિવસીય નેશનલ સેમિનાર - વિપુલ માને

## ઈન્ડસ્ટ્રીની માગ મુજબ કુશળ ગ્રેજ્યુએટ તૈયાર કરો ગુજરાત ટેકનો. યુનિ.ના વીસી પ્રો. એમ.એન.પટેલ

**ભાસ્કર ન્યૂઝ** । વડોદરા

એક સમય હતો કે ગ્રાન્ટ ઇન એઇડ વગરની કોલેજો સેલ્ફ ફાઇનાન્સ કોલેજ તરીકે જાણીતી હતી, પરંતુ હવે સ્ટુડન્ટના પૈસાના પગલે તે સેલ્ફ ફાઇનાન્સ કોલેજો સ્ટુડન્ટ ફાઇનાન્સ કોલેજ બની ગઇ છે. કોલેજના સંચાલકો તો માત્ર મેનેજર છે એમ ગુજરાત ટેકનોલોજીકલ યુનિ.ના વીસી પ્રો. એમ.એન.પટેલે વાઘોડિયાના લીમડા ખાતેની પારુલ આરોગ્ય સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પારુલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ખાતેના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું.

ઈમર્જીંગ વિસ્ટાસ ઓફ ટેકનોલોજી ઈન ૨૧મી સેન્ચુરી' વિષય પરની બે દિવસના રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરસનું ઉદ્ઘાટન કરતાં ગુજરાત ટેકનોલોજિકલ યુનિ:ના વીસી પ્રો. એમ.એન.પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોજગારીની કમી નથી. પરંતુ ઈન્ડસ્ટ્રીની માંગ પ્રમાણે કુશળ કામદારો અને ગ્રેજ્યુએટોની કમી છે. આ કમી કરવા માટે કોલેજના સંચાલકો અને શિક્ષકોએ આગળ આવવું પડશે. સંચાલકોએ શિક્ષકોને તાલીમ માટે વિશેષ સવલતો ઊભી કરવી પડશે. આજે માત્ર ટીચિંગ નહીં પણ લર્નિંગ એન્વાયર્નમેન્ટ બનાંવવાનો સમય આવી ગયો છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક હરીફાઈમાં ટકી શકે તે રીતે ટફ બનાવવાની જરૂર છે.

ઉદ્ઘાટન પ્રસંગે પારુલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી દેવાશું પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગ બાદ શરૂ થયેલી બે દિવસની કોન્ફરન્સમાં આઇ.ટી.ફોર નેશન બિલ્ડિંગ, એડવાન્સ ઈન ઇલેક્ટ્રિકલ સિસ્ટમ્સ એન્ડ કન્ટ્રોલ ટેકનોલોજીસ, ઈમર્જિંગ ટેન્ડસ ઈન ઈનફોર્મેશન, ઈલેક્ટ્રોનિકસ અને કમ્યુનિકેશન સહિતના રિસર્ચના છ મુખ્ય વિષયો પર ૨૦૦થી વધુ પ્રોફેસરોએ ગહન ચર્ચા કરી હતી. કોન્ફરન્સમાં આઈઆઈટી, દિલ્હીના ડૉ. એમ.એલ.કોઠારી, આઈઆઈટી, રુકીના પ્રો. અશોક સક્સેના, નિરમા યુનિ.ના પ્રો: એ.એસ.રનાડે, આઈઆઈટી, કાનપુરનાં ડૉ. જે.રામકુમાર, હૈદરાબાદ યુનિ.ના પ્રો.વી.વી.રમને પણ તજ્જ્ઞ તરીકે વિશેષ હાજર રહ્યા હતા.